**<u>રેગ્યુલર દિ.મુ.નં.૮૭/૨૦૨૪</u>**

**-: આંક -૫ લગત હુકમ :-**

**(૧).** વાદીની હાલની અરજી સી.પી.સી.ઓર્ડર - ૩૯ રૂલ ૧,૨ તથા કલમ-૧૫૧ મુજબ વચગાળાનો પ્રતિબંધક મનાઇહુકમ તેમજ આજ્ઞાત્મક હુકમ મેળવવા માટે કરેલ છે જેમા તેઓએ આંક - ૧ ની સી.પી.સી.કલમ- ૯ તથા સ્પે. રીલીફ એકટની કલમ-૩૪,૩૬ તથા ૩૮ મુજબ વિજ્ઞાપન તેમજ આજ્ઞાત્મક અને કાયમી પ્રતિબંધક મનાઇહુકમ મળવવા માટે કરેલ દાવાઅરજીની વિગતોને સમર્થનકારી હકીકત જણાવી દાદ માંગેલ છે કે,

(એ) ગુજરાત રાજયના ગીર-સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ ગામના રે.સર્વે નં. ૫૫૯ પૈકી પુર્વ તરફની ૪ વીઘા જમીન કે જે તેઓ વાદીઓના કબજા, ભોગવટા અને માલીકીની આવેલ હોય તેમા આ કામના પ્રતિવાદી કે તેના માણસો, મજુરો, એજન્ટો, કુલમુખત્યારો કે કોઇપણ અનઅધિકૃત પ્રવેશ કરે કરાવે નહી કે તેઓની સદર જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બાંધકામ કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઇહુકમ ફરમાવવા, તેમજ

(બી) આ કામના પ્રતિવાદી કે તેના માણસો, મજુરો, એજન્ટો, કુલમુખત્યારો તેઓ વાદીઓને કે તેઓના પ્રતિનિધિ, એજન્ટ, કુલમુખત્યારને સદરહું ગુજરાત રાજયના ગીર-સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ ગામના રે.સર્વે નં. ૫૫૯ પૈકી પુર્વ તરફની ૪ વીઘા જમીનમાં જતા, આવતા કે ઉપયોગ, ઉપભોગ કરતા અટકાય, અવરોધ કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઇહુકમ ફરમાવવા તેમજ

(સી) આ કામના પ્રતિવાદી પ્રભાસ પાટણ ગામના રે.સર્વે નં. ૫૫૯ પૈકી પુર્વ તરફની ૪ વીઘા જમીન કે જે તેઓ વાદીઓના ભાગ, હીસ્સાની આવેલી છે તે ખેતીની જમીનનું રેવન્યુ રેકર્ડ આ કામના પ્રતિવાદી અન્ય કોઇને ટ્રાન્સફર કરે કરાવે નહી કે સદર જમીન ઉપર બોજો, ગીરો કે અન્ય કોઇના હકક, હીત ઉભા થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઇહુકમ ફરમાવવા અરજ છે.

(ડી) તેમજ હાલની અરજીને અનુરૂપ મળી શકતી હરકોઇ પ્રકારની ન્યાયીક દાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

**(૨).** પ્રતિવાદીને દાવા તથા મનાઇહુકમની અરજીનો સમન્સ બજી જતાં પ્રતિવાદી તરફે તેમના વકીલશ્રી મારફતે દાવામાં હાજર થઇ આંક - ૧૧ થી વાંધા જવાબ રજુ થયેલ છે જેમા તેઓએ વાદીની આંક - ૫ ની અરજી સદંતર ખોટી, શુધ્ધ બુધ્ધી વગરની અને કાયદા વિરૂદ્ધની હોવાનું જણાવી મનાઇહુકમની અરજીમાં જણાવેલ હકીકતોનો સ્પષ્ટપણે સ્વીકાર

કરેલ હોય તે સિવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેમજ વાદીઓના દાવાને મુદતનો તથા ડીલે લેચીસના સિધ્ધાંતોનો બાધ નડતો હોય જેથી પણ વાદીઓનો દાવો પ્રથમદર્શનીયરીતે રદ થવા પાત્ર હોય જેથી હાલની અરજી ટકવાપાત્ર ન હોવાનું તેમજ વાદીઓએ પોતાની અરજીમાં સત્ય હકીકતો જાહેર નહી કરીને તદન ખોટી હકીકતો ઉપજાવી કાઢી હાલની તદન ખોટી અરજી દાખલ કરેલ હોવાનું અને વાદીઓના દાવાને રેસ જયુડીકેટાનો બાધ નડતો હોય જેથી વાદીઓનો દાવો પ્રથમદર્શનીય રીતે રદ થવા પાત્ર હોવાનું જણાવેલ છે.

વધુમાં ખરી હકીકતે જણાવેલ છે કે,ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ ગામના રે.સ.નં. ૫૫૯ એકર:૭–૧૪ ગુઠા ખેતીની જમીન તેઓ પ્રતિવાદીના દાદા કોળી ગોવિંદ પીઠાએ સરકારમાંથી મેળવેલ ત્યારબાદ તેઓ પ્રતિવાદીના દાદાનું અવસાન થઇ જતા આ જમીન તેઓ પ્રતિવાદીના પિતાશ્રીના નામે વારસાઇ હકકથી પ્રાપ્ત થયેલ ત્યારબાદ તેઓ પ્રતિવાદીના પિતા પણ ગુજરી જતા આ જમીન તેઓ પ્રતિવાદી તેમ તેમ તેઓ પ્રતિવાદીના માતૃશ્રી તથા બહેનોને વારસાઇ હકકથી પ્રાપ્ત થયેલ. અગાઉ વાદીઓએ દાવાઅરજીમાં જણાવ્યા મુજબ તેઓ પ્રતિવાદીના પિતાશ્રી ભાણાભાઇ ગોવિંદભાઇએ મો.મુ.નં. ૧૯૭/૧૯૭૫ થી મનાઇહુકમ મેળવવા માટેનો દાવો દખલ કરેલો કે દાવાવાળી જમીનમાં તે દાવાના પ્રતિવાદીઓનો કોઇપણ જાતનો હકક, હીસ્સો નહી હોવા છતાં તેઓ પ્રતિવાદીના પિતાશ્રીએ સ.નં.૫૫૯ ની પુર્વાદીએ ૪ વિઘા। જમીન આપવાનું નકકી કરેલ અને તે મુજબ કોર્ટમાં અગાઉ સમાધાન થયેલ અને તે સમાધાનની વિગતે ૪ વિઘા જમીન અલગ કરી આપેલ પરંતુ આ કામના વાદીઓ કે તેમના વડીલો કબજો લેવા માટે આવેલા નહી અને આ કામના વાદીઓ આ સમાધાનથી સમંત ન થતા સ.નં. ૫૫૯ વાળી તેમજ સ.નં.૮૪૦/પૈકી વાળીની તમામ જમીન તેમની માલીકી છે તેવુ ઠરાવવા માટે તેમને સ્પે.દિ.મુ.નં. ૧૫/૨૦૦૪ તથા રે.દિ.મુ.નં. ૧૭૭/૯૯ થી દાવો દાખલ કરેલો તેમજ તેઓ પ્રતિવાદીના પિતાશ્રીએ પણ રે.દિ.મુ.નં. ૬૪૯/૧૯૯૮ થી મનાઇહુકમ મેળવવા માટે દાવો દાખલ કરેલો આ ત્રણેય દાવાઓ એક સાથે ચાલતા આ કામના વાદીઓનો સ્પે.દિ.મુ.નં. ૧૫/૨૦૦૪ તથા રે.દિ.મુ.નં. ૧૭૭/૯૯ વાળા બંને દાવાઓ તા. ૨૦/૧૧/૨૦૧૭ ના રોજ નામદાર કોર્ટે નામંજુર કરેલ છે જયારે તેઓ પ્રતિવાદીના પિતાશ્રીએ દાખલ કરેલ રે.દિ.મુ.નં. ૬૪૯/૧૯૯૮ ના દાવામાં માંગેલ દાદ મંજુર કરવામાં આવેલ આ ત્રણેય દાવાઓના જજમેન્ટની ખરીનકલ રજુ કરેલ હોવાનું જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના વાદીઓએ અગાઉ સને–૧૯૭૫ ની સાલમાં થયેલ દાવાના કામે સને–૧૯૭૭ મા કરારદાદી હુકમનામું થયેલુ અને તે હુકમનામાની વિગતે ૪ વિઘા જમીન અલગ કરી આપેલ અને ત્યારબાદ આ જમીનનો કબજો સંભાળી લેવા

વાદીઓને જણાવવામાં આવેલ હોવા છતાં તેમને કબજો સંભાળવેલ નહી અને આ સમાધાન તેમને મંજુર નથી તેવુ દર્શાવી તેમને તેઓની સામે ઉપરોકત દાવાઓ દાખલ કરેલા જે બંને દાવાઓ નામંજુર થયેલા અને આ કામના વાદીઓએ તેઓ પ્રતિવાદી સામે તદન ખોટા દરદાવાઓ કરી મોટા ખર્ચના ખાડામાં ઉતારી દીધેલ અને તેમને કબજો ન સંભાળતા કે થયેલ કરારદાદી હુકમનામાની બજવણી પણ ન કરતા છેવટે સદર જમીન તેઓ પ્રતિવાદીએ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૫૬૦૭ થી તા. ૨૫/૦૭/૨૦૨૩ ના રોજ રજાક ગની મલંગને વેંચી નાખેલ અને તે જ દિવસે તેમને કબજો સોંપી આપેલ. આમ, સદર જમીન જયારે તેઓએ વેંચી નાખેલ હોય ત્યારે સદર જમીનનો કબજો તેઓ પ્રતિવાદી પાસે આવેલ હોવાનું કોઇ સવાલ પેદા થતો નથી અને સદર હાલ પણ જમીનનો કબજો રજાક ગની મલંગ પાસે છે. આમ, આ કામના વાદીઓએ સત્ય હકીકતો છુપાવીને અને તદન ખોટી હકીકતો ઉપજાવી કાઢી અને દાવાનું ખોટું કારણ ઉભુ કરી તેઓ પ્રતિવાદી સામે તદન ખોટો દાવો દાખલ કરી હાલની તદન ખોટી મનાઇહુકમ મેળવવાની અરજી કરેલ હોવાનું જણાવી જે પ્રથમદર્શનીય રીતે રદ થવા પાત્ર હોય પ્રતિવાદીઓની મનાઇહુકમની અરજી ખર્ચ સહીત રદ કરવા અને પ્રતિવાદીને સ્પેશ્યલ કોસ્ટ અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૩).** પ્રસ્તુત કામે વાદી તથા પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**વાદી તરફે દસ્તાવેજી પુરાવા:-**

| | | |
|---|---|---|
| (૧) | પ્રભાસ પાટણના રે.સર્વે નં. ૮૪૦/૨ ના ગામ નમુના નં. ૮-અ નકલ | માર્ક ૩/૧ |
| (૨) | પ્રભાસ પાટણના રે.સર્વે નં. ૮૪૦/૨ ના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ | માર્ક ૩/૨ |
| (૩) | પ્રભાસ પાટણ ગામના હકકપત્રકની નોંધ નં. ૧૯૩૦૫ | માર્ક ૩/૩ |
| (૪) | પ્રભાસ પાટણના રે.સર્વે નં. ૫૫૯/પૈકી-૧/પૈકી -૧,ખાતા નં. ૨૩૪ ના ગામ નમુના નં. ૮-અ નકલ | માર્ક ૩/૪ |
| (૫) | પ્રભાસ પાટણ રે.સર્વે. નં. ૫૫૯/પૈકી-૧/પૈકી-૧ ના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલો | માર્ક ૩/૫ |
| (૬) | પ્રભાસ પાટણના રે.સર્વે નં. ૫૫૯ નું ટીપ્પણ નકલ | માર્ક ૩/૬ |
| (૭) | વેરાવળના નામ.સીવીલ જજ સાહેબની કોર્ટના મો.મુ.નં. ૧૯૭/૭૫ ના કામે થયેલ સમાધાન તથા તે મુજબ થયેલ નામ.કોર્ટના હુકમની નકલ | માર્ક ૩/૭ |

**(૩.૧).** હાલના કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા:-**

| | | |
|---|---|---|
| (૧) | પ્રતિવાદીના દાદાએ સરકારમાંથી જમીન ખરીદ કર્યા અંગેના | માર્ક ૧૨/૧ |

| | | |
|---|---|---|
| | લેખની ખરીનકલ | |
| (૨) | હકકપત્રક નોંધ નં. ૨૩૪ ની ખરીનકલ | માર્ક ૧૨/૨ |
| (૩) | હકકકપત્રક નોંધ નં. ૬૫૫ ની ખરીનકલ | માર્ક ૧૨/૩ |
| (૪) | હકકપત્રક નોંધ નં. ૬૧૨૨ ની ખરીનકલ | માર્ક ૧૨/૪ |
| (૫) | હકકપત્રક નોંધ નં. ૬૧૨૫ ની ખરીનકલ | માર્ક ૧૨/૫ |
| (૬) | હકકપત્રક નોંધ નં. ૭૯૩૬ ની ખરીનકલ | માર્ક ૧૨/૬ |
| (૭) | હકકપત્રક નોંધ નં. ૮૧૫૪ ની ખરીનકલ | માર્ક ૧૨/૭ |
| (૮) | હકકપત્રક નોંધ નં. ૧૭૫૦૯ ની ખરીનકલ | માર્ક ૧૨/૮ |
| (૯) | હકકપત્રક નોંધ નં. ૧૮૧૯૨ ની ખરીનકલ | માર્ક ૧૨/૯ |
| (૧૦) | હકકપત્રક નોંધ નં. ૨૦૧૫૨ ની ખરીનકલ | માર્ક ૧૨/૧૦ |
| (૧૧) | રજી.વેંચાણ દસ્તાવેજ અનુ.નં. ૫૬૦૭ | માર્ક ૧૨/૧૧ |
| (૧૨) | હકકપત્રક નોંધ નં. ૨૦૫૨૩ ની ખરીનકલ | માર્ક ૧૨/૧૨ |
| (૧૩) | સ્પે.દિ.મુ.નં. ૧૫/૨૦૦૪ ના દાવાઅરજીની ખરીનકલ | માર્ક ૧૨/૧૩ |
| (૧૪) | રે.દિ.મુ.નં. ૬૪૯/૧૯૯૮ ના દાવા અરજીની ખરીનકલ | માર્ક ૧૨/૧૪ |
| (૧૫) | સ્પે.દિ.મુ.નં. ૧૫/૨૦૦૪, રે.દિ.મુ.નં. ૬૪૯/૧૯૯૮ તથા રે.દિ.મુ.નં. ૧૭૭/૧૯૯૯ વાળા દાવાઓનો કોમન જજમેન્ટની ખરીનકલ | માર્ક ૧૨/૧૫ |

**(૪).** વાદીઓ તરફે તેઓના વિ.વકીલશ્રી દ્વારા આંક– ૨૧ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધી.

**(૪.૧)** પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી ધ્વારા આંક ૨૨ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

**(૫).** આ કામે વાદીની મનાઇ અરજી તેમજ દસ્તાવેજી પુરાવા અને પ્રતિવાદીઓ તરફે લેખીત વાંધા જવાબ, વાદી તરફે રજુ થયલ લેખીત દલીલ તથા પ્રતિવાદી તરફ રજુ થયેલ મૌખીક દલીલો ધ્યાને લીધી.

**(૬).** કામચલાઉ મનાઇહુકમની અરજીના નિર્ણય માટેના અગત્યના પરીબળોની ચર્ચા :–

**(૬.૧).** વાદીની દલીલ તથા પ્રતિવાદીની દલીલ તથા દાવાનું રેકર્ડ ધ્યાને લીધુ.

**(૬.૨).** હાલની મનાઇહુકમની અરજીનો નિર્ણય કરતા પહેલા હાલના તબકકે મનાઇહુકમની અરજી અંગેના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને કાયદાકીય ચર્ચા વિગતવાર કરવી જરૂરી માનુ છુ. હાલની આ અરજી કામચલાઉ મનાઇહુકમ મેળવવા માટેની છે. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, મનાઇહુકમ આપવો કે ન આપવો એ અદાલતની વિવેકાધીન સત્તા છે તેમજ મનાઇહુકમની જે દાદ છે તે સમન્યાયી સિધ્ધાંતની નજર સમક્ષ રાખીને મંજુર કે નામંજુર કરવામાં આવે છે. દાવાનો કોઇ પક્ષકાર અધિકારની રૂએ માંગી શકે નહી અને કોર્ટ પણ તેવી દાદને રૂટીન મેનરમાં મંજુર કરવાની હોતી નથી પરંતુ, વિવેકપુર્ણ રીતે તેનો નિર્ણય કરવાનો હોય છે. હંગામી મનાઇહુકમની અરજી નિર્ણિત કરતી વખતે કોર્ટ ઉપર જણાવ્યા મુજબના મુખ્યત્વે ત્રણ સ્તંભોને નજર સમક્ષ રાખવાનો હોય છે જેમા પ્રથમ એ છે કે, વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ કોર્ટને બતાવી શકે છે કે કેમ ? તેમ સગવડતા અગવડતાનો ધોરણ કોઇ તરફેણમાં વધારે છે તે પણ જોવાનું છે એટલે કે જો મનાઇહુકમ આપવામાં કે ન આપવામાં આવે તો બંને પક્ષમાંથી કોઇને વધારે નુકશાન થાય તેમ છે અને ત્યારબાદ અંતમાં જો મનાઇહુકમ ન આપવામાં આવે તો, વાદીને નાંણામાં પણ ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે કેમ તે પણ અદાલતને જોવાનું છે. વધુમાં મનાઇહુકમની અરજીનો નિર્ણય કરતી વખતે વાદીની વર્તણૂંક પણ ધ્યાને લેવાની છે. એટલે કે વાદી તેમના કાયદાકીય હકક પરત્વે કેટલાક સજાગ છે તે માટે તેમને કેટલી કાળજી લીધેલ છે. વધુમાં વાદીએ તેમના કાયદાકીય હકક મેળવવા માટે પ્રથમ શરત એ છે કે, તેમને કોર્ટ સમક્ષ અરજીની મહત્વની હકીકતો છુપાવેલી હોવી જોઇએ નહી આમ ઉપરોકત કાયદાકીય પરિસ્થિતી તેમજ નામ.સર્વોચ્ચ અદાલત અને નામ. વડી અદાલતના ચુકાદાઓમાં વખતો વખત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને પણ નજર સમક્ષ રાખીને અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**(૬.૩).** વાદીની આંક – ૫ ની મનાઇઅરજીની દાદ સબબ રજુ દસ્તાવેજો ધ્યાને લેતા જેમા નિશાની ૩/૧ થી પ્રભાસ પાટણના રે.સર્વે નં. ૮૪૦/૨ ના ગામ નમુના નં. ૮-અ નકલ રજુ થયેલ છે. જેમા વાદીઓના નામ જણાય આવે છે. નિશાની ૩/૨ થી પ્રભાસ પાટણના રે.સર્વે નં. ૮૪૦/૨ ના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ રજુ થયેલ છે જેમા ખાતેદારોના નામ અને ખાતા નંબર જણાય આવે છે. નિશાની ૩/૩ થી પ્રભાસ પાટણ ગામના હકકપત્રકની નોંધ નં. ૧૯૩૦૫ રજુ થયેલ છે જેમાં વેરાવળ તાલુકના મોજે પ્રભાસ પાટણ ગામના ખેડુત ખાતેદાર શ્રી કોળી વરજાંગભાઇ પીઠાભાઇ, પુત્ર કિંશોરભાઇ ભાણાભાઇના ખાતા નંબર ૨૫૧ થી માર્જીનમાં જણાવેલ જમીન તેમના ખાતે ચાલતી હોવાનું અને કોળી વરજાંગભાઇ પીઠાભાઇ (ખાતા નં. ૨૫૧) નું અવસાન તા. ૩૧/૦૧/૧૯૭૫ ના રોજ થયેલ અને તેમની

પત્ની વિધવા રતનબેન વરજાંગભાઇનું અવસાન તા. ૧૨/૦૬/૨૦૨૧ ના રોજ થયેલ હોવાનું અને તેમની સીધી લીટીના વારસદારો જેમાં કોળી વરજાંગભાઇ પીઠાભાઇના પુત્ર રૈયાભાઇ વરજાંગભાઇનું અવસાન તા. ૧૬/૧૦/૧૯૭૬ ના રોજ તથા તેમની પત્ની મલીબેન રૈયાભાઇનું અવસાન તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ થયેલ હોવાનું જણાય આવે છે અને તેમના વારસદારો તરીકે વાદીઓના નામ જણાય આવે છે. નિશાની ૩/૪ થી પ્રભાસ પાટણના ખાતા નં. ૨૩૪ ના ગામ નમુના નં. ૮-અ નકલ રજુ થયેલ છે જેમા રે.સર્વે નં. ૫૫૯/પૈકી-૧/પૈકી -૧ ધ્યાને લેવામાં આવે તો, તેમા બ્લોક/સર્વે નં. ૫૫૯/પૈકી /૧/પૈકી ૧ હે.આરે.ચો.મી.૦-૬૯-૮૧, આકાર જુઠી બી.ખે.વિ.૧.૨૯ નો ખેતીલાયક ઉપયોગ હોવાનું જણાય આવે છે જેમા આ કામના વાદીના કોઇ નામ જણાઇ આવતા નથી. નિશાની ૩/૫ થી પ્રભાસ પાટણ રે.સર્વે. નં. ૫૫૯/પૈકી-૧/પૈકી-૧ ના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલો રજુ થયેલ છે જેમાં હે.આરે.ચો.મી. ૦-૬-૭૭ તથા હે.આરે.ચો.મી.૦-૬૯-૮૧ માં ખાતેદારોના નામ જશુબેન તે ભાણાભાઇના ધર્મપત્ની તથા શ્રી કિશોરભાઇ ભાણાભાઇ ગઢીયા જણાય આવે છે .નિશાની ૩/૬ થી પ્રભાસ પાટણના રે.સર્વે નં. ૫૫૯ નું ટીપ્પણ નકલ રજુ થયેલ છે. નિશાની ૩/૭ થી વેરાવળના નામ.સીવીલ જજ સાહેબની કોર્ટના મો.મુ.નં. ૧૯૭/૭૫ ના કામે થયેલ સમાધાન તથા તે મુજબ થયેલ નામ.કોર્ટના હુકમની નકલ રજુ થયેલ છે જે તા. ૧૮/૦૧/૧૯૭૭ ના રોજની હોવાનું જણાય આવે છે.

**(૬.૪).** જયારે પ્રતિવાદી તરફે મનાઇઅરજીનો ઇન્કાર કરી જવાબ રજુ કરેલ છે અને તેના સમર્થનમાં આંક - ૧૨ થી દસ્તાવેજી લીસ્ટ રજુ થયેલ છે. જેમા નિશાની ૧૨/૧ થી પ્રતિવાદીના દાદાએ સરકારમાંથી જમીન ખરીદ કર્યા અંગેના લેખની ખરીનકલ તા. ૦૬/૦૨/૧૯૪૫ ના રોજની રજુ થયેલ છે. નિશાની ૧૨/૨ થી રજુ થયેલ હકકપત્રક નોંધ નં. ૨૩૪ ની ખરીનકલમાં કોળી ગોવિંદ પીઠા ગઢીયાનું નામ જણાય આવે છે. નિશાની ૧૨/૩ થી હકકકપત્રક નોંધ નં. ૬૫૫ ની ખરીનકલ રજુ થયેલ છે. તથા નિશાની ૧૨/૪ થી હકકપત્રક નોંધ નં. ૬૧૨૨ ની ખરીનકલ રજુ થયેલ છે. જેમા કોળી વિધવાબાઇ જશુ ભાણા તથા પુત્ર જીવી, નાથી, દેવી, રમીલા, લક્ષ્મી, પુષ્પા તથા પુત્ર કિશોર(હાલના કામના પ્રતિવાદી), રાજુ ભાણા (ગઢીયા)નું નામ જણાય આવે છે અને કોળી ભાણા ગોવિંદ ગઢીયાનું તા. ૦૨/૦૯/૮૭ ના રોજ અવસાન થતા સદરહું વારસદારોના નામે ફેરફાર કરવા બાબતે હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૫ હકકપત્રક નોંધ નં. ૬૧૨૫ ની ખરીનકલ રજુ થયેલ છે જેમા પુત્રી જીવી, નાથી, દેવી ભાણાએ ખાતામાંથી હકક ઉઠાવી લેતા તેમના નામ કમી કરવા બાબતને હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૬ હકકપત્રક નોંધ નં. ૭૯૩૬ ની ખરીનકલ રજુ થયેલ છે જે તા. ૦૯/૦૬/૨૦૦૩ ના રોજનું હોવાનું અને હકક ઉપાડવા બાબતે હોવાનું જણાય આવે છે.

નિશાની ૧૨/૭ થી હકકપત્રક નોંધ નં. ૮૧૫૪ ની ખરીનકલ રજુ થયેલ છે જેમા મામલતદારશ્રી વેરાવળની કોર્ટમાં આર.આર.ટી.કેસ નં. ૮/૦૩-૦૪ થી કેસ ચલાવવામાં આવ્યો જેમા શ્રી મામલતદાર સાહેબ વેરાવળની કોર્ટના તા.૩૦/૧૦/૨૦૦૪ હુકમ મુજબ પ્રભાસ પાટણના નોંધ નં. ૮૦૦૪ તા. ૧૫/૧૨/૨૦૦૩ પ્રમાણીત કરવાનો હુકમ થતાં હુકમ અન્વયે ગામ દફતરમાં ફેરફાર થવા નોંધ લેવામાં આવેલ હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૮ થી હકકપત્રક નોંધ નં. ૧૭૫૦૯ ની ખરીનકલ રજુ થયેલ છે જેમાં વેરાવળ તાલુકાના પ્ર.પાટણ ગામના ખાતેદાર ખેડુત જશુબેન ભાણાભાઈ તથા કિશોરભાઈ ભાણાભાઈ ગઢીયાના ખાતા નં. ૨૩૪ ના સ.નં. ૫૫૯/પૈકી ૧ ની જમીન હે.૨.૨૨.૫૮ આરે.ની જમીનમાંથી હે. ૧.૫૨.૭૭ આરે.ની જમીન રજી. દસ્તાવેજ નં.૪૩, તા. ૩/૧/૨૦૦૪ થી રૂા. ૨૦૦૦૦૦/- અંકે રૂા. બે લાખ પુરામાં પ્ર.પાટણ ગામના ખાતા નં. ૧૫૫૫ ના ખાતેદાર ખેડુત પટણી ગુલામહુસેન અલારખાભાઈ મલંગે વેંચાણ લેતા રજી.દસ્તાવેજની નકલ તથા ખરીદનાર ખાતેદાર ખેડુત હોવાના આધારો રજુ થતા રજી.દસ્તાવેજ મુજબ નોંધ લેવામાં આવેલ હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૯ થી હકકપત્રક નોંધ નં. ૧૮૧૯૨ ની ખરીનકલ, નિશાની ૧૨/૧૦ થી હકકપત્રક નોંધ નં. ૨૦૧૫૨ ની ખરીનકલ રજુ થયેલ છે જેમા મે.મદદનીશ કલેકટરસાહેબશ્રી, વેરાવળના હુકમ નં. આર.આર.ટી.અપીલ કેસ નં. ૨૬/૨૦૧૮ ના તા. ૧૮/૦૧/૨૦૧૯ થી હુકમ કરતા એપેલેન્ટની અપીલ અરજી મંજુર કરવામાં આવે છે. મામલતદારશ્રી, વેરાવળનો તા. ૩૧/૦૩/૨૦૧૮ નોંધ નં. ૧૭૫૦૯ નામંજુરનો નિર્ણય રદ કરવામાં આવે છે અને સદરહું નોંધ પ્રમાણીત કરવા આથી મામલતદારશ્રી વેરાવળને હુકમ કરતા હુકમ મુજબ નોંધ લેવામાં આવેલ હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૧૦ થી હકકપત્રક નોંધ નં. ૨૦૧૫૨ ની ખરીનકલ રજુ થયેલ છે જેમાં પ્રભાસ પાટણ ગામના ખેડુત ખાતેદારશ્રી કિશોર ભાણાભાઈ ગઢીયા કુલ વિ.૨(બે) ના ખાતા નં. ૨૩૪ ના સ.નં.૫૫૯/પૈકી-૧/પૈકી-૧ ની જમીન સંયુકત ખાતુ ચાલુ હોવાનું અને તેમાથી જશુ ભાણાભાઈ ગઢીયાનું અવસાન થવાથી તેમનું નામ કમી કરવા અરજી તથા હકક કમી કરવા અંગે મરણનો દાખલો રજુ હોય આ વિગતે સહ હીસ્સેદારની અરજી, હકક કમી કરવા મરણના દાખલા આધારે હકક કમી કરવા નોંધ કરવામાં આવેલ છે. નિશાની ૧૨/૧૧ થી રજી.વેંચાણ દસ્તાવેજ અનુ.નં. ૫૬૦૭ રજુ થયેલ છે જે તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજની હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૧૨ થી હકકપત્રક નોંધ નં. ૨૦૫૨૩ ની ખરીનકલ રજુ થયેલ છે. જેમા પ્રતિવાદી કિશોરભાઈ ભાણાભાઈ ગઢીયાએ તા. ૨૫/૦૭/૨૦૨૩ ના રોજ ર.દ.નં. ૫૬૦૭/૨૦૨૩ થી માર્કેટ વેલ્યુ રૂા. ૧૪૬૬૧૦૦/- અને અવેજની રકમ રૂા. ૧૫૦૦૦૦૦/- મા રજાકભાઈ ગનીભાઈ મલંગને વેંચાણ આપેલ જે ર.વે.દ. આધારે વેંચાણ આપનારનું નામ કમી કરી વેંચાણ લેનારનું નામ દાખલ કરવા નોંધ કરવામાં આવેલ છે. નિશાની ૧૨/૧૩ સ્પે.દિ.મુ.નં. ૧૫/૨૦૦૪ ના

દાવાઅરજીની ખરીનકલ રજુ થયેલ છે જે તા. ૨૮/૦૧/૨૦૨૪ ના રોજની હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૧૪ થી રે.દિ.મુ.નં. ૬૪૯/૧૯૯૮ ના દાવા અરજીની ખરીનકલ રજુ થયેલ છે જે તા. ૦૯/૧૧/૧૯૯૮ ના રોજની હોવાનું જણાય આવે છે. નિશાની ૧૨/૧૫ થી સ્પે.દિ.મુ.નં. ૧૫/૨૦૦૪, રે.દિ.મુ.નં. ૬૪૯/૧૯૯૮ તથા રે.દિ.મુ.નં. ૧૭૭/૧૯૯૯ વાળા દાવાઓનો કોમન જજમેન્ટની ખરીનકલ રજુ થયેલ છે જે તા. ૨૦/૧૧/૨૦૧૭ ના રોજની રજુ થયેલ છે.

(૭). હાલની દાવાવાળી તકરારી મિલ્કત બાબતે રેવન્યુ રેકર્ડ જોતા આ કામના વાદીનું કોઇ નામ જણાય આવતુ નથી. વધુમાં વાદી પાસે દાવાવાળી મિલ્કતનું પઝેશન હોય તેવુ પ્રથમદર્શનીય જણાય આવતું નથી. વાદીએ મનાઇઅરજીના સમર્થનમાં કોઇ સ્વતંત્ર સાહેદનું સોગંદનામું રજુ કરેલ નથી કે કોઇ દાવાવાળી તકરારી મિલ્કતના ફોટોગ્રાફ્સ રજુ કરેલ નથ તેમજ તકરારી મિલ્કતનું કોઇ પંચનામું કરાવેલ હોય તેવુ બનેલ નથી. હવે પ્રતિવાદી તરફે રજુ નિશાની ૧૨/૧૧ વાળો ડોકયુમેન્ટ જોતા દાવાવાળી તકરારી મિલ્કતનો અમુક ભાગ આ કામના પ્રતિવાદી રજાકભાઇ ગનીભાઇ મલંગને રજીસ્ટર વેંચાણ દસ્તાવેજથી તા. ૨૫/૦૭/૨૦23 ના રોજ વેંચાણ આપેલ છે. સદર વેંચાણ દસ્તાવેજના ખરીદનારને હાલના કામના વાદીએ પક્ષકાર બતાવેલ નથી અને વધુમાં વાદી તરફે જે દસ્તાવેજોના આધારે દાવો દાખલ કરેલ છે તેમા નિશાની ૩/૭ વાળા ડોકયુમેન્ટના આધારે દાવાવાળી તકરારી મિલ્કત અડધી વાદીના ભાગે આવેલ છે તેવુ જણાવેલ છે. હવે નિશાની ૩/૭ જોઇએ તો, મો.મુ. નંબર ૧૯૭/૭૫ ના કામે સમાધાન કરારદાર મુકેલ છે અને તે બાબતે થયેલ હુકમનામાની નકલ રજુ છે અને તેના આધારે વાદીએ હાલનો દાવો દાખલ કરી હાલની મનાઇહુકમની અરજી આપેલ છે. હવે મો.મુ. નંબર ૧૯૭/૭૫ ના હુકમનામાના પાલન બાબતે કોઇ કાર્યવાહી વાદી તરફે આજદીન સુધી કરેલ હોય તેવુ જણાય આવતું નથી. વધુમાં મો.મુ. નંબર ૧૯૭/૭૫ ના હુકમનામાને કોઇ સક્ષમ ઓથોરીટી સમક્ષ ચેલેન્જ કરેલ હોય તેવુ પણ જણાય આવતું નથી. હાલના પ્રતિવાદી દ્વારા દાવાવાળી તકરારી મિલ્કતનો કેટલોક ભાગ જેને વેંચવામાં આવેલ છે તેને હાલના કામે પક્ષકાર બતાવેલ નથી. વધુમાં પ્રતિવાદી તરફે નિશાની ૧૨/૧૫ થી જે જજમેન્ટ રજુ કરેલ છે તે જજમેન્ટના આખરી હુકમમાં નામદાર સીવીલ કોર્ટે એવુ ઠરાવેલ છે કે, રે.દી.મુ. નં. ૬૪૯/૯૮ નો દાવો મંજુર કરી રે.દિ.મુ. નં. ૧૯૭/૭૫ ના દાવાના કામે કરારદાદી હુકમનામા મુજબ ગુજરનાર ભાણા ગોવિંદના સર્વે નં. ૫૫૯ ની પશ્ચીમ તરફે આવેલ જમીનમાં આ કામના વાદીએ કોઇપણ પ્રકારે હરકત, અંતરાય, પ્રવેશ કરે કરાવે નહી કે પ્રતિવાદી નં.૧ થી ૭ ને કબજાવિહીન કરે કરાવે નહી કે પ્રતિવાદી નં. ૧ થી ૭ ને ખેતી કરતા કે જમીનનો ઉપયોગ, ઉપભોગ કરતા અટકાયત કરે નહી તેવો કાયમી પ્રતિબંધક મનાઇ હુકમ ફરમાવવામાં આવે છે. હવે સદર સર્વે નંબરની બાકી રહેતા પુર્વ

તરફના ભાગમાં આ કામના વાદી કબજો ધરાવતા હોય તેવુ પ્રથમદર્શનીય જણાય આવતું નથી કે વાદીના નામે સદર દાવાવાળી તકરારી મીલ્કત તેઓના નામે આવેલ હોય તેવુ જણાઇ આવતુ નથી. વાદીના નામે દાવાવાળી તકરારી મિલ્કત આવેલ હોય તે બાબતે કોઇ રેવન્યુ રેકર્ડ રજુ રાખેલ નથી. વાદી તરફે ૧૯૯૭ ના દાવાના કામે થયેલ કરારદાદી હુકમનામા બાબતે સને-૨૦૨૪ મા દાવો દાખલ કરેલ છે. આમ, વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય આવતો નથી અને વાદી જે મનાઇહુકમની અરજી કરી દાદ માંગેલ છે તે બાબતે હાલના દાવાની હકીકતો ઉપરથી પુરાવો લેવો જરૂરી જણાય છે.

(૮). આમ ઉપરોકત હકીકતે જોતા, વાદી જે હકીકતે મનાઇ અરજી દાખલ કરેલ છે તે હકીકતો બાબતે ચોકકસ પુરાવો લેવો જરૂરી જણાય છે. વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી. સગવડતા અગવડતાની સમતુલાના સિધ્ધાંત ધ્યાને લઇએ તો રેકર્ડ પર રજુ થયેલ દસ્તાવેજો અને હકીકતો ધ્યાને લઇએ તો, વાદીનો કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. જેથી સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી તેવુ અત્રેની અદાલતનું માનવું છે. ત્રીજા સિધ્ધાંત નાંણાથી ન માપી શકાય તેવુ નુકશાન ધ્યાને લઇએ તો ઉપરોકત બે સિધ્ધાંતો વાદીના તરફેણમાં નથી તેવુ અત્રેની કોર્ટનું માનવું હોવાથી જો વાદીને કામ ચલાઉ મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને કોઇ નાંણાથી ન માપી શકાય તેવુ નુકશાન થાય તેમ નથી તેવુ અત્રેની કોર્ટનું માનવું છે. વાદીની મનાઇ અરજીની હકીકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા પ્રતિવાદી વિરૂદ્ધ મનાઇ હુકમ ન આપવો જોઇએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૯). નામ. સુપ્રીમ કોર્ટના એક બીજા ચુકાદા **Himachal Steel V/S Union Of India AIR 1988 ALL 191** મા નીચે મુજબનું અવલોકન કરેલ છે.

> *No temporary injunction should be granted unless the plaintiff establishes a prima facie case, balance of convenience and likelihood of irreparable injury. Absence of any of these three ingredients entails rejection of the application*

(૧૦). ઉપરોકત તમામ ચર્ચાને અંતે અત્રેની કોર્ટ એવા તારણ પણ આવે છે કે, હાલના કામે વાદીનો કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. તેવી જ રીતે સગવડતાની સમતુલાનું ધોરણ તથા નાંણાથી ન માપી શકાય તેવુ નુકશાન પણ વાદીની તરફેણમાં ન હોવાનું જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત જણાતો હોય નીચે મુજબનો હુકમ કરુ છુ.

**//હુકમ //**

(૧) વાદીની આંક – ૫ ની મનાઇ હુકમની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા. ૦૬ મી, માહે – ડિસેમ્બર, સને – ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– વેરાવળ
તા. :– ૦૬/૧૨/૨૦૨૫

(અર્પિત એ.જાની)
એડી.સીવીલ જજ,
ગીર – સોમનાથ(વેરાવળ)
(કોડ નં. જી.જે. ૦૧૬૪૪)